ગાંધીનગર સમાચાર

‘બંધ’ મોકુફ રહેતા પોલીસને હાશકારો

# ગાંધીનગરના કલાકારો સુપ્રીમ કોર્ટના કાર્યક્રમમાં છવાયા

## પનઘટ કલા કેન્દ્ર દ્વારા બંધારણ દિવસ નિમિત્તે ગરબાની પ્રસ્તુતિ : દિલ્હી સુપ્રિમ કોર્ટના પ્રાંગણમાં યુનિટિ ઈન ડાયવર્સિટી કાર્યક્રમ અંતર્ગત ગુજરાતી ગરબાની અદ્‌ભૂત પ્રસ્તુતિ



ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરની સાંસ્કૃતિક સંસ્થા પનઘટ કલા કેન્દ્ર દ્વારા બંધારણ દિવસ નિમિત્તે યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગરબાની પ્રસ્તુતિ કરી ઉપસ્થિત સૌ આમંત્રિત મહાનુભાવો અને દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

માણેકશા કન્વેન્શન સેન્ટર, કોન્ટોનમેન્ટ, દિલ્હીના પરિસરમાં ૨૬મી નવેમ્બરના રોજ બંધારણ દિવસની ઉલ્લાસભેર ઉજવણી

● અનુસંધાન પાન-૭ પર

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં શાંતિપૂર્ણ મતદાન

ગાંધીનગર, તા. ૨૭

રાજ્યમાં આજે વલસાડ નગરપાલિકા સુરતની કનકપુર નગરપાલિકા ગોંડલ તાલુકા પંચાયત માટેની ચૂંટણીમાં સવારથી જ શાંતિપૂર્ણ રીતે મતદાન શરૂ થવા પામ્યુ હતુ.

વલસાડ નગરપાલિકાની ૪૪ બેઠકો કનકપુર નગરપાલિકાની ૨૮ ગોંડલ તાલુકા પંચાયતની ૨૦ નગરપાલિકામાં પેટા ચૂંટણી ૧૮ જિલ્લા પંચાયતમાં પેટા ચૂંટણી અને તાલુકા પંચાયતોમાં કુલ ૧૩૨ બેઠકોની ચૂંટણી આજે યોજાઈ હતી. આજે યોજાયેલી આ ચૂંટણીઓમાં શાંતિપૂર્ણ રીતે મતદાન થાય તે માટે સલામતીનો ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

આજે સવારે આઠ વાગ્યાથી શાંતિપૂર્ણ રીતે ચૂંટણીનો પ્રારંભ થવા પામ્યો હતો. સવારથી જ મતદારોએ મતદાન મથકો ઉપર લાઈનો લગાવી દીધી હતી.

# “સ્વચ્છતા” મોબાઈલ એપ લોંચ થતાં જ મનપાને ૧૩૩ ફરિયાદો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા અંગે લોંચ કરાયેલી મોબાઈલ એપના પ્રથમ દિવસે જ ૧૩૩ જેટલી ફરિયાદો મળવા પામી છે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા અભિયાન અંતર્ગત સ્વચ્છ ગાંધીનગરની એપ્લીકેશન લોંચ કરવામાં આવી છે. આજે પ્રથમ દિવસે જ ૧૩૩ જેટલી ફરિયાદો મળી હતી. જેમાંથી ૨૧ જેટલી ફરિયાદો તો નિકાલ તાત્કાલિક કરી દેવામાં આવ્યો હતો. ૯૦ જેટલી ફરિયાદોનો કાલથી નિકાલ શરૂ થશે. આજે જાહેર રજાનો દિવસ હોવાથી ફરિયાદોના નિકાલનું પ્રમાણ ઓછુ રહ્યુ હોવાનું તંત્રના સુત્રોએ જણાવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે સ્વચ્છતા અભિયાન-૨૦૧૬ અંતર્ગત ખાસ અભિયાન મનપા દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. મનપાએ વોર્ડવાઈઝ સ્વચ્છતા એમ્બેસેડરની પણ નિયુક્તી કરી છે.

ગાંધીનગર મહાનગરપાલિકા પાસે હાલ માત્ર સ્વચ્છતા સિવાયની અન્ય સેવાઓ સરકારે હજુ ફાળવી નથી જે ઉલ્લેખનીય છે. ૧૦૦ સ્માર્ટ સીટી પ્રોજેક્ટમાં સામેલ કરાયેલ ગાંધીનગરમાં સ્વચ્છતા અંગે ૪૨મો ક્રમાંક આવ્યો હતો.

ગાંધીનગર શહેરમાં જાહેરમાં શૌચક્રિયા મુક્ત અભિયાન હાથ ધરાયા બાદ હવે સ્વચ્છ શહેર અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં ગંદકી માટેના વારંવારના અખબારી અહેવાલો પછી પણ તંત્ર હજુ હરકતમાં આવ્યુ હોય તેવુ લાગતુ નથી. અંતરિયાળ વિસ્તારોમાં સ્વચ્છતા માટેની ઉદાસીનતા તંત્રની જાણીતી છે. આજે મોબાઈલ એપના પ્રારંભે જ ૧૩૩ જેટલી ફરિયાદથી તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે.



લીલા શાકભાજી - શિયાળાના આરંભ સાથે જ શાકમાર્કેટમાં લીલા શાકભાજી ઠલવાયા... વિવિધ પ્રકારની ભાજી, મૂળા, લીલી ડુંગળી અને લસણ વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે... શિયાળામાં લીલા શાકભાજી આરોગ્યપ્રદ છે... શરીર આરોગ્ય અન્વયે પ્રોટીન અને વિટામીન લીલા શાકભાજીમાંથી પુષ્કળ પ્રમાણમાં પ્રાપ્ત થાય છે... ઉંધિયાની મોસમનું કાઉન્ટ ડાઉન ચાલે છે... એકાદ - બે અઠવાડિયામાં ઉંધિયું પણ ઘેર ઘેર બનશે... અને ઉંધિયાની સાથે જ લીલા શાકભાજીનો ઉપાડ વ્યાપક પ્રમાણમાં વધશે... મૂળા અને લસણ શિયાળામાં શારિરીક ઉર્જા માટે અનિવાર્ય ગણાય છે... આપણી સામાજીક પરંપરા અને વિજ્ઞાન શિયાળામાં સલાડ અને શાકભાજી પુષ્કળ પ્રમાણમાં ભોજનમાં પીરસાવવો જોઈએ દર્શાવાયું છે... આવો, લીલા શાકભાજીથી શિયાળાને ઉજવીએ....

# ‘બંધ’ મોકુફ રહેતા પોલીસને હાશકારો

## જિલ્લા પોલીસે બંદોબસ્ત સ્કીમ પણ તૈયાર કરી દીધી હતી

ગાંધીનગર, તા. ૨૭

નોટબંધીથી પડી રહેલી હાલાકીના વિરોધમાં કોંગ્રેસ દ્વારા ૨૮ નવેમ્બરે ભારત બંધનું એલાન આપવામાં આવ્યું હતું. જે અંતર્ગત કોઈ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળે નહી તે હેતુથી પોલીસ દ્વારા બંદોબસ્ત સ્કીમો તૈયાર કરી દીધી હતી. દરમ્યાન આજે ભારત બંધને મોકુફ રાખવામાં આવતા પોલીસે પણ હાંશકારો અનુભવ્યો છે.

કોંગ્રેસ દ્વારા કેન્દ્ર સરકારે નોટબંધીના કરેલા નિર્ણયથી સામાન્ય પ્રજાને પડી રહેલી હાલાકીઓના વિરોધમાં ૨૮ નવેમ્બરે ભારત બંધનું એલાન જાહેર કર્યુ હતુ. દેશ બંધના એલાનને પગલે સોશ્યલ મીડીયા પર પણ પોઝીટીવ અને નેગેટીવ પ્રતિભાવો આપતા મેસેજીસ ફરતા થઈ ગયા

● અનુસંધાન પાન-૭ પર

# બોર્ડ-નિગમોમાં રાજકીય નિમણુંક પ્રક્રિયા ખોરંભે પડી

ગાંધીનગર, તા. ૨૭

રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ-નિગમોમાં ચેરમેન ડિરેક્ટરોની નિમણુંક પ્રક્રિયા વિલંબમાં પડવા પામતા કાર્યકરો આગેવાનોમાં નારાજગી ઉઠવા પામી છે.

બોર્ડ-નિગમોમાં ચેરમેન ડિરેક્ટરોની નિમણુંકો કરવા અંગેની પ્રક્રિયા થોડા સમય અગાઉ હાથ ધરવામાં આવી હતી.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ દિવાળીના તહેવારો બાદ બોર્ડ-નિગમોમાં ચેરમેન-ડીરેક્ટરોની નિમણુંકો કરવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. પરંતુ આ વખતે પણ દિવાળીના તહેવારો બાદ બે મહિના જેટલો સમય વિતવા જવા આવ્યો હોવા છતાં હજુ પણ બોર્ડ-નિગમોમાં ચેરમેન-ડિરેક્ટરોની નિમણુંકો કરવામાં ન આવતા કાર્યકરો આગેવાનોમાં નારાજગી ઉઠવા પામી છે.

કેન્દ્ર સરકારે તાજેતરમાં જ રૂ. ૫૦૦, ૧૦૦૦ની ચલણી નોટો ચલણમાંથી રદ કરવામાં આવતા દેશભરમાં ઉભી થયેલી પરિસ્થિતિને ધ્યાને રાખીને ગુજરાત ભાજપ નાગરીકોને પડતી મુશ્કેલી દૂર કરવા અને નારાજગી દૂર કરવા માટે ડેમેજ કંટ્રોલ કવાયતના કામે લાગવા પામ્યુ હોઈ વધુ એકવાર બોર્ડ-નિગમોમાં નિમણુંકોની પ્રક્રિયા ટલ્લે ચડી જવા પામી છે.

બોર્ડ-નિગમો ઉપરાંત પ્રદેશ ભાજપ સંગઠનના વિવિધ મોરચા

● અનુસંધાન પાન-૭ પર

## શ્રી ગણેશ માવળંકરની જન્મ જયંતિ નિમિત્તે પુષ્પાંજલિ

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત વિધાનસભા ખાતે શ્રી ગણેશ વાસુદેવ માવળંકરની ૧૨૯મી જન્મ જયંતિ નિમિત્તે તેમના તૈલચિત્રને આજે વિધાનસભાના અધ્યક્ષ શ્રી રમણલાલ વોરા અને ઉપાધ્યક્ષશ્રી શંભુજી ઠાકોરના હસ્તે ભાવસભર પુષ્પાંજલી અપાઈ હતી.

આ પ્રસંગે વિધાનસભાના સચિવ શ્રી ડી.એમ. પટેલ સહિત મોટી સંખ્યામાં અધિકારીઓ, કર્મચારીઓ અને નગરજનોએ ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લાના ૪૬ ગામોમાં ગામતળની જગ્યા જ ઉપલબ્ધ નહિ હોવાની હકીકત

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાના ૪૬ ગામમાં ગામતળની જ જગ્યા જ ન બચી હોવાથી ગામતળ નીમ કરવા માટેની કવાયત તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે ગામતળની ઉપલબ્ધિના અભાવને કારણે વિવિધ આવાસ યોજનાના અમલીકરણને લઈ સમસ્યાઓ ઉભી થઈ રહી છે. જિલ્લામાં આવાસ યોજનાના અમલીકરણમાં ધીમી ગતિએ હંમેશા ચર્ચાસ્પદ રહી છે તે ઉલ્લેખનીય છે.

જિલ્લામાં આવાસ યોજના માટે ગામતળ ઉપલબ્ધ નથી તેમ વિવિધ વિકાસના કામો હાથ ધરવા કરી દેવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

વિકાસ કામો અને આવાસ યોજનાના કામો અંગે તાજેતરમાં રાજય સરકાર દ્વારા ઉચ્ચ સ્તરીય અલગથી કરવામાં આવશે તેમ તંત્રના સૂત્રોનું કહેવું છે.

## તંત્ર દ્વારા ગામતળ નીમ કરવા માટેની કવાયત હાથ ધરાઈ વિકાસના કામો અને આવાસ યોજના અંગે ગામતળની દરખાસ્તો અલગ અલગ કરવા માટે તંત્રને સરકારની સૂચના

મળતી આધારભુત વિગતો પ્રમાણે જિલ્લાના જે ૪૬ ગામોમાં ગામતળ નથી તેમાં કલોલના ૨૦, દહેગામના ૧૩, માણસાના ૯ અને ગાંધીનગરના ૪ ગામનો સમાવેશ થાય છે. આ ગામોમાં ગામતળ નીમ કરવા અંગેની દરખાસ્તો આ માસના અંત સુધીમાં પ્રાંત અધિકારી સમક્ષ સમીક્ષા પણ કરવામાં આવી હતી. જેમાં ચોંકાવનારી હકીકતો બહાર આવી રહી છે.

જિલ્લાના કેટલા ગામોમાં વિકાસના કામો ગામતળ ન હોવાથી હાથ ધરી શકાયા નથી તેમજ આ માટે પણ અલગથી દરખાસ્તો તૈયાર કરવા અંગે તંત્ર દ્વારા કવાયત હાથ માટે પણ ગામ તળની ઉપલબ્ધિ નહિ હોવાની ચોંકાવનારી હકીકતો બહાર આવવા પામી છે.

સરકાર દ્વારા આગામી માર્ચ સુધીમાં ગામ તળ નીમ કરવાની બાબત પૂર્ણ કરી વિકાસ અભિયાન હાથ ધરવા જઈ રહી હોવાના સંકેતો પણ આ સૂત્રોએ આપ્યા છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

મંડપ
કેટરીગ
લાઈટીગ
ફલાવરીગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે. ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ચી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™ Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com